વિકલાંગ અનામત લાગૂ પડતી હોય તેવી જગ્યાઓની સીધી ભરતીમાં અલગ વિકલાંગ રોસ્ટર રજિસ્ટર નિભાવવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
પરિપત્ર ક્રમાંક:પવટ/૩૧૦૫/૧૧૭/આર
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૭/૨૦૨૦

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૨/૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૦૪/સી.આર.આર.-૧૦૯૪-૧૬૫૪-ગ.૨

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૦-જી.ઓ.આઈ.૭-ગ.૨

(3) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૧ના ઠરાવક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૯-૯૩૧૨૭-ગ.૨

(૪)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૬/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંક: પવટ/૧૦૨૦૧૨/ ૧૩૮/રોસ્ટર

(૫)સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૩/૧૨/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક:પવટ/૩૧૨૦૧૭/૧/રોસ્ટર સેલ

(૬)અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની ફાઈલ ક્રમાંક:પવટ/૧૦૨૦૨૦/યુ/૪૦/રોસેલ પરની નોંધ

## પરિપત્ર :

વિકલાંગ(સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો ૧૯૯૫ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૨/૨૦૦૦ના જાહેરનામાથી 3% જગ્યાઓ વિકલાંગ વ્યક્તિઓ માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ. જેના અનુસંધાને વંચાણે લીધેલ ક્રમાંક(3) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૧ના ઠરાવથી રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં સીધી ભરતીમાં વિકલાંગો માટે નિયત કરાયેલ અનામત જગ્યાઓ યોગ્ય રીતે ભરાય તેમજ તેનુ વ્યવસ્થાપન થઇ શકે તે માટે નિયત રૂપરેખા મુજબ અલગ વિકલાંગ રોસ્ટર રજિસ્ટર નિભાવવાનું ઠરાવવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમાંક(3) અન્વયે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના આ વિભાગના તા.૧૮/૦૬/૨૦૧૨ના પરિપત્રથી સીધી ભરતીના અલગ વિકલાંગ રોસ્ટર રજિસ્ટર નિભાવવા અંગે સર્વે વિભાગોને જણાવવામાં આવેલ. આ સિવાય આ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક(૫) પરના તા.૦૩/૧૨/૨૦૧૮ના પરિપત્રથી વિકલાંગ વ્યક્તિઓ માટેનું રોસ્ટર રજિસ્ટર અવશ્ય નિભાવવા સર્વે વિભાગોને સૂચના આપવામાં આવેલ હોવા છતાં સામાન્ય વહીવટ વિભાગની સૂચના મુજબના અલગ વિકલાંગ રોસ્ટર રજિસ્ટર નિભાવી અત્રે રજૂ કરવામાં આવતા નથી. સીધી ભરતીના તમામ સંવર્ગો પૈકી જે સંવર્ગ માટે વિકલાંગ ઉમેદવાર માટે જગ્યાઓ અનામત રાખવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાઓના કેટેગરી વાઈઝ(અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વ./આ.ન.વ.) રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવતી વખતે સામાન્ય

વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ(૧) થી ક્રમ(૩) પરના સંદર્ભોથી અપાયેલ સૂચનાઓ ધ્યાને લઈ નિયત નમૂનાનું અલગ વિકલાંગ રોસ્ટર રજિસ્ટર પણ અવશ્ય રજૂ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભુપત ચૌહાણ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**પ્રતિ,**

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૩) સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
(૪) માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
(૫) સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
(૮) સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૯) સચિવશ્રી, ગુજારત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્ર દ્વારા)
(૧૦) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૧૧) સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૧૨) સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
(૧૩) સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
(૧૪) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
(૧૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૬) નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૭) રોસ્ટર સંપર્ક અધિકારીશ્રીઓ, સચિવાલયના સર્વે વિભાગો
- આપના વિભાગ હસ્તકના ખાતાના વડા/કચેરીના વડાને જાણ કરવાની વિનંતી સહ.

(૧૮)ઉપસચિવશ્રી(અ.જા.ક./વિજાક/સ.સુ.),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-આપના હસ્તકના ખાતાના વડા/કચેરીના વડાને જાણ કરવાની વિનંતી સહ.
(૧૯)સિલેકટ ફાઇલ-૨૦૨૦